# એમ્બી પોલિયાર્નને ફેડેક્સ ચેમ્પિયન એવોર્ડ

**મુંબઈ** | દક્ષિણ એશિયાના દેશો જેવા કે શ્રીલંકા, યુએઈ, કુવૈત, ચીન જેવા દેશોની કુલ 30,400 નિકાસલક્ષી કંપનીઓમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રૂ. 20 કરોડથી રૂ. 200 કરોડની કેટેગરીમાં એમ્બી પોલિયાર્નને ફેડેક્સ ચેમ્પિયન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કંપની વૈશ્વિક સ્તરે જીયોટેક્સટાઇલ અને સ્પેશિયાલિટી પોલિમર્સના ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે સક્રિય છે. કંપનીના સીઇઓ આશેષ ગર્ગના કહેવા પ્રમાણે વૈશ્વિક ગુણવત્તાને જાળવીને કંપનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું સ્થાન મજબૂત કર્યું હોવાનું આ પુરવાર થયું છે. ચીન સૌથી વધુ સ્પર્ધાત્મક દેશ એસએમઈમાં રહ્યું છે અને કંપનીએ ચીનની કંપનીને પણ પાછળ પાડી છે જે સૂચવે છે કે ભારતની કંપનીઓ ગુણવત્તાસભર પ્રોડક્ટ પર વધુ ભાર મૂકી રહી છે.